જા.નં. મા-૨/૨૦૨૬/1222

તા.૦૯/૦૧/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર નો તા.૦૮/૦૧/૨૦૨૬નાં પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/ 177-231
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.08/01/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
ગુજરાત.

વિષય : "વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ (VBYLD)- 2026"બાબત.
સંદર્ભ : (૧) અત્રેનો તા.05/01/2026નો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/86-121
(૨) Ministry of Education, Department of School Education & Literacyનો તા.02/01/2026નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય યુવા મહોત્સવ હેઠળનો એક મુખ્ય કાર્યક્રમ "વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ (VBYLD) 2026", 9 થી 12 જાન્યુઆરી, 2026 દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય પારદર્શક, લોકશાહી અને યોગ્યતા આધારિત પસંદગી પ્રક્રિયા દ્વારા વિકસિત ભારત @2047ના વિઝનને સાકાર કરવામાં યુવાનોની અર્થપૂર્ણ અને માળખાગત ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી આ કાર્યક્રમમાં 12 જાન્યુઆરી, 2026ના રોજ બપોરે 2.30 વાગ્યાથી યુવાઓને સંબોધિત કરનાર છે.

જે અન્વયે 12 જાન્યુઆરી, 2026 ના રોજ તમામ શાળાઓમાં માનનીય પ્રધાનમંત્રીના સંબોધનનું લાઇવ સ્ટ્રીમિંગ વિદ્યાર્થીઓ નિહાળી શકે તે માટે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે. ઉક્ત કાર્યક્રમમાં માન. સંસદ સભ્યશ્રીની હાજરીથી સત્ર વધુ સમૃદ્ધ બને તે માટે તેમાં સંબંધિત વિસ્તારના માનનીય સંસદ સભ્યશ્રીને કોઈ એક શાળામાં આમંત્રિત કરવાના રહેશે. તેમ ઉક્ત પત્રથી જણાવેલ છે. જે માટે આપની કક્ષાએથી શાળાની પસંદગી કરીને માન.સંસદ સભ્યશ્રીને આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે આમંત્રિત કરવાના રહેશે. ઉક્ત વિગતે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર